નિયમોનું કડક પાલન કરાવવા CSC મુખ્યાલયની મોટી કાર્યવાહી

# સુરત શહેર-જિલ્લામાં 180 CSC ID એકસાથે બંધ

**સતત** દેખરેખ બાદ બહાર આવી ગેરરીતિઓ, નિરીક્ષણ દરમિયાન અનેક નિયમ ભંગના કિસ્સા નોંધાયા

**વગર** સરનામે CSC સંચાલન કરતા હતા, ઓફિસ વગર IDનો ઉપયોગ કરતા હતા

### બ્રાન્ડિંગ અને પારદર્શિતાની અવગણના, બેનર અને રેટ ચાર્ટ પણ લગાડેલા નહોતા

તપાસ દરમિયાન એ પણ સામે આવ્યું કે અનેક CSCમાં સરકાર દ્વારા નિર્ધારિત કોમન બ્રાન્ડિંગ બેનર યોગ્ય રીતે લગાવવામાં આવ્યા ન હતા. નિયમ મુજબ CSC બેનર ફક્ત ચોંટાડેલું કે લટકાવેલું હોવું માન્ય નથી, પરંતુ તેને યોગ્ય ફ્રેમમાં લગાવવું ફરજિયાત છે. સાથે જ બેનર પર CSC તથા સ્ટેટ લોગો સ્પષ્ટ રીતે દેખાવા જરૂરી છે. આ ઉપરાંત અનેક CSCમાં સેવાઓની દર યાદી (રેટ ચાર્ટ) જાહેર સ્થળે પ્રદર્શિત કરવામાં આવી ન હતી, જે નાગરિકોને સેવાઓના ચાર્જ વિશે માહિતી આપવા માટે ફરજિયાત છે.

સુરતઃ ડિજિટલ ઈન્ડિયા અભિયાન અંતર્ગત નાગરિકોને સરકારની વિવિધ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવાના હેતુથી કાર્યરત CSC (કોમન સર્વિસ સેન્ટર) માટે હવે નિયમોનું પાલન કરવું ફરજિયાત બન્યું છે.

સુરત શહેર અને જિલ્લામાં નિર્ધારિત માર્ગદર્શિકા અને માપદંડોની અવગણના કરનાર CSC સંચાલકો સામે દિલ્હી સ્થિત CSC મુખ્ય કાર્યાલય દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પરિણામે સુરત શહેર-જિલ્લાના કુલ 180 VLE (વિલેજ લેવલ એન્ટ્રપ્રેન્યોર)ની CSC ID તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી છે.

CSC સુરતના જિલ્લા પ્રબંધક તુષાર બેલડીયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, સુરત જિલ્લામાં કાર્યરત તમામ કોમન સર્વિસ સેન્ટરોની લાંબા સમયથી સતત દેખરેખ અને સમયાંતરે તપાસ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન જાણવા મળ્યું કે ઘણાં CSC સંચાલકો સરકાર દ્વારા નક્કી કરાયેલા નિયમોનું યોગ્ય રીતે પાલન કરતા નથી.

તપાસમાં સૌથી ગંભીર બાબત એ સામે આવી કે અનેક CSC સ્થાયી અને નિશ્ચિત સરનામા વિના ચલાવવામાં આવી રહ્યા હતા. કેટલાક સંચાલકો પાસે યોગ્ય કાર્યાલય ન હોવા છતાં CSC IDનો ઉપયોગ કરી સેવાઓ પૂરી પાડી રહ્યા હતા, જે સ્પષ્ટ રીતે નિયમવિરુદ્ધ છે. આ પ્રકારની પ્રવૃત્તિઓથી સેવા લેવા આવતા નાગરિકોમાં ભ્રમ અને અવિશ્વાસ ફેલાવાની શક્યતા રહે છે.

CSC જિલ્લા પ્રબંધક તુષાર બેલડીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આવનારા સમયમાં ફક્ત તે જ CSC સંચાલિત થઈ શકશે, જે સરકાર દ્વારા નક્કી કરાયેલા તમામ નિયમો અને માપદંડોનું સંપૂર્ણ પાલન કરશે. દરેક CSC માટે નિશ્ચિત અને સ્થાયી કાર્યાલય હોવું ફરજિયાત છે. તમામ VLE માટે પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ જમા કરાવવું અનિવાર્ય છે. તમામ નાણાકીય લેવડ-દેવડ માત્ર CSC પોર્ટલ મારફતે જ કરવાની રહેશે.

# નીટમાં અપડેટ કરેલો આધારકાર્ડ ફરજિયાત

**નીટ**-૨૦૨૬ પરીક્ષાને લઈને મહત્ત્વપૂર્ણ એડ્વાઈઝરી જાહેર કરવામાં આવી

સુરતઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આગામી સમયમાં યોજાનારી નીટ-૨૦૨૬ પરીક્ષાને લઈને મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. આ એડવાઈઝરી મુજબ, હવે નીટની પરીક્ષામાં ઉમેદવારની ઓળખ માટે આધાર કાર્ડને એકમાત્ર અને મુખ્ય દસ્તાવેજ તરીકે માન્ય રાખવામાં આવશે.

આગામી મે મહિનામાં નીટ-૨૦૨૬ની પરીક્ષા યોજાવાની છે, જેના માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં જ એનટીએએ વિદ્યાર્થીઓને ચેતવણીરૂપ એડવાઈઝરી આપી છે. એજન્સીએ સ્પષ્ટ કર્યું છે કે રજિસ્ટ્રેશન સમયે આધાર કાર્ડમાં રહેલી વિગતો જો ખોટી, અધૂરી કે વિસંગત હશે તો અરજી ફોર્મ તરત જ રદ કરવામાં આવશે. એનટીએ દ્વારા જણાવવામાં આવ્યું છે કે રજિસ્ટ્રેશન દરમિયાન ઉમેદવારનું નામ, જન્મ તારીખ, લિંગ, ફોટો, આધાર નંબર અને આધાર સાથે જોડાયેલી બાયોમેટ્રિક માહિતી આ તમામ વિગતો UIDAIના આધાર ડેટાબેસ સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતી હોવી જરૂરી છે. જો કોઈપણ માહિતીમાં તફાવત જણાશે તો અરજી ફોર્મ માન્ય ગણાશે નહીં.

એનટીએએ આ પગલું વિદ્યાર્થીઓને રજિસ્ટ્રેશન દરમિયાન થતી ટેક્નિકલ ભૂલો અને ઓળખ સંબંધિત વિવાદોથી બચાવવા માટે લીધું છે. અગાઉ ઘણી વખત નામની સ્પેલિંગ, જન્મ તારીખ અથવા ફોટા બાબતે ગેરસમજના કારણે વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો, જેને ધ્યાનમાં રાખીને હવે આધાર આધારિત ઓળખને પ્રાથમિકતા આપવામાં આવી છે.

### તમામ વિદ્યાર્થીઓ માટે નિયમ ફરજિયાત

નીટ-૨૦૨૬ માટે જાહેર કરાયેલો આ નિયમ તમામ ઉમેદવારો માટે ફરજિયાત રહેશે. ખાસ કરીને OBC, EWS, SC અને ST વર્ગના વિદ્યાર્થીઓએ વર્તમાન નિયમો અનુસાર તેમનો આધાર ડેટા સમયસર અપડેટ કરાવી લેવાનો રહેશે, જેથી રિઝર્વેશન અને ઓળખ સંબંધિત કોઈ સમસ્યા ન સર્જાય. એનટીએએ વિદ્યાર્થીઓને તેમના યુનિક આઈડી અને આધાર કાર્ડ હંમેશા અપડેટ રાખવા અનુરોધ કર્યો છે. પરીક્ષા જેવી મહત્વપૂર્ણ પ્રક્રિયામાં એક નાની ભૂલ પણ ભવિષ્યને અસર કરી શકે છે, તેથી વિદ્યાર્થીઓએ સમયસર આધાર કાર્ડની તમામ વિગતો ચકાસી સુધારણા કરાવી લેવી જરૂરી હોવાનું એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું છે.

# કાંકરિયામાં કચરા નિકાલનો મામલો સીએમ સુધી પહોંચ્યો

**SMCની** બેદરકારીથી પર્યાવરણને ગંભીર નુકસાન : કોંગ્રેસ

**જવાબદાર** અધિકારીઓ સામે ફોજદારી કાર્યવાહી અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ

### કરોડોના બિલ ચૂકવણી અંગે ગંભીર પ્રશ્ન

કોંગ્રેસ દ્વારા ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે કે જો રેકોર્ડ મુજબ માત્ર ૫૦ ટકા કચરાની જ પ્રોસેસ થઈ હોય, તો બાકી ૫૦ ટકા કચરાનું શું થયું? અપૂર્ણ પ્રોસેસ હોવા છતાં કોન્ટ્રાક્ટરને બિલો કેવી રીતે મંજૂર થયા? કેટલા રૂપિયાની ખોટી ચુકવણી કરવામાં આવી અને તેની રિકવરી કોણ કરશે? તેમજ સ્થળ પર આશરે ૧૦ લાખ ટન જેટલો કચરાનો ડુંગર કેવી રીતે ઉભો થયો તે બાબતની તટસ્થ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

### સી.ડી. ટ્રાન્સપોર્ટ સામે FIR દાખલ કરવા માંગ

રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે કચરા નિકાલ એજન્સી સી.ડી. ટ્રાન્સપોર્ટ સામે Environment (Protection) Act, 1986 હેઠળ તાત્કાલિક FIR દાખલ કરવામાં આવે. સાથે જ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટે જવાબદાર અધિકારીઓ સામે ફોજદારી તેમજ વિભાગીય કાર્યવાહી શરૂ કરવામાં આવે. સુરત મ્યુનિસિપલ કમિશનરની ભૂમિકા અંગે સ્વતંત્ર અને ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની પણ માગ ઉઠાવવામાં આવી છે.

સુરતઃ સુરત જિલ્લાના અંબિકા તાલુકાના કાંકરિયા ગામે લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર ઘન કચરા નિકાલ મામલે સુરત મહાનગર પાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. આ મુદ્દે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને વિસ્તૃત રજૂઆત કરી, કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ સુરત મહાનગર પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા કાંકરિયા ગામ ખાતે મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રીતે ઘન કચરો ઠાલવવામાં આવ્યો હતો. તપાસ બાદ સંબંધિત કોન્ટ્રાક્ટર સામે રૂ. ૨.૫ કરોડનો દંડ લાદવામાં આવ્યો હોવા છતાં, SMCના જવાબદાર અધિકારીઓ સામે આજદિન સુધી કોઈ વિભાગીય કે ફોજદારી કાર્યવાહી કરવામાં આવી નથી. કોંગ્રેસના મહામંત્રીએ આક્ષેપ કર્યો છે કે સુરત મહાનગર પાલિકાના સોલિડ વેસ્ટ વિભાગના જવાબદાર એક્ઝિક્યુટિવ ઇજનેર સહિતના અધિકારીઓ સામે માત્ર કારણદર્શક નોટિસ આપી દેવામાં આવી છે, પરંતુ તેમની સામે કાયદેસર તપાસ શરૂ કરાઈ નથી. આ કેસ હવે માત્ર કાયદાકીય ઉલ્લંઘન નહીં પરંતુ વારંવાર થતી પર્યાવરણીય ગુનાખોરી (Repeated Environmental Offending) નું ગંભીર ઉદાહરણ બની ગયો છે. રજૂઆતમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સુરત શહેર સ્વચ્છતા એવોર્ડ અને “ક્લીન સિટી મોડલ”તરીકે ઓળખાય છે, પરંતુ શહેરની સ્વચ્છતા જાળવવા માટે આસપાસના ગ્રામ્ય વિસ્તારોની જમીન, પાણી અને આરોગ્યને જોખમમાં મુકવામાં આવી રહ્યું છે. શહેરનો કચરો ગામડાંમાં ગેરકાયદેસર રીતે ઠાલવવો એ સ્વચ્છતા નહીં પરંતુ પર્યાવરણીય અન્યાય છે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો આ મામલે તાત્કાલિક અને કડક કાર્યવાહી નહીં થાય તો મામલો માનનીય હાઇકોર્ટ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) તથા અન્ય સંવૈધાનિક સત્તાઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. આ મુદ્દો માત્ર પર્યાવરણનો નહીં પરંતુ ગ્રામ્ય આરોગ્ય, જાહેર નાણાંની ગેરરીતિ અને રાજ્યની પ્રતિષ્ઠા સાથે જોડાયેલો હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

# વિવાદી પાસપોર્ટ ઓફિસર યોગેશ પટેલની બદલી

**અભિજીત** શુક્લાને ચાર્જ સોંપાયો, સાંસદો, ધારાસભ્યોને પણ ગણકારતા ન હતા

સુરતઃ સુરત પાસપોર્ટ ઓફિસમાં પાસપોર્ટની અરજીઓનો બેકલોગ વધવા સાથે સામાન્ય લોકો હેરાન થતા હોવાથી છેક વિદેશ મંત્રી એસ.જયશંકરને કરવામાં આવેલી ફરિયાદને પગલે સુરતના પ્રાદેશિક પાસપોર્ટ ઑફિસર યોગેશ પટેલની તાત્કાલિક અસરથી દિલ્હી બદલી કરી દેવામાં આવી છે.

સામાન્ય નાગરિકો તો ઠીક ચૂંટાયેલા સાંસદો, ધારાસભ્યોની પાસપોર્ટની ભલામણોને પણ નહીં ગણકારનાર યોગેશ પટેલના સ્થાને અમદાવાદના રિજનલ પાસપોર્ટ ડિરેક્ટર અભિજીત શુક્લાને સુરત પાસપોર્ટ ઓફિસનો ચાર્જ સોંપાયો છે.

દર્શના જરદોશ કેન્દ્રીય ટેક્સટાઈલ અને રેલવે રાજ્ય રાજ્યમંત્રી હતા ત્યારે તેઓએ પણ સુરત પાસપોર્ટ ઓફિસની નબળી અને ધીમી કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી. લોકો માટે યોગેશ પટેલની પાસપોર્ટ ઈસ્યૂ કરવાની ધીમી જો કે સુરત PSKના સૂત્રોએ કહ્યું હતું કે, તેમની નોકરીનો ત્રણ વર્ષનો સમયગાળો પૂરો થતા તેમની બદલી દિલ્હી કરવામાં આવી છે. સત્તાવાર ડિરેક્ટરીઓમાં સુરતના પ્રાદેશિક પાસપોર્ટ અધિકારી (RPO) યોગેશ આર. પટેલના કેટલાક નિર્ણયોને છેક હાઈકોર્ટ સુધી પડકારવાના કિસ્સા પણ બન્યા હતા.


### પાસપોર્ટ અરજદારો માટે PSK સુરત ખાતે એક ખાસ ડ્રાઇવનું આયોજન

સુરતઃ જાન્યુઆરી, 2026 માં પાસપોર્ટ સેવાઓની ઊંચી માંગને ધ્યાનમાં રાખીને, RPO સુરત 24.01.2026 ના રોજ પાસપોર્ટ અરજદારો માટે PSK સુરત ખાતે એક ખાસ ડ્રાઇવનું આયોજન કરી રહ્યું છે. સામાન્ય પાસપોર્ટ માટે શનિવાર, 24 જાન્યુઆરી, 2026ના રોજ એપોઇન્ટમેન્ટ સ્લોટ 13.01.2026 થી પાસપોર્ટ સેવા વેબ પોર્ટલ પર ઓનલાઇન ઉપલબ્ધ થશે. જે અરજદારો પાસે પછીની તારીખે પાસપોર્ટ એપોઇન્ટમેન્ટ છે અથવા જેઓ તેમની અગાઉની એપોઇન્ટમેન્ટ ચૂકી ગયા છે તેઓ પણ શનિવાર માટે તેમની એપોઇન્ટમેન્ટ ફરીથી શેડ્યૂલ કરી શકશે. અરજદારોને PSK સુરતની મુલાકાત દરમિયાન સરળ અને મુશ્કેલી-મુક્ત પ્રક્રિયા માટે યોગ્ય દસ્તાવેજો માટે અમારી વેબસાઇટ (www.passportindia.gov.in) ની મુલાકાત લેવા જણાવવામાં આવ્યું છે.આ ખાસ ડ્રાઇવ એ તમામ નાગરિકોને વહેલી તારીખે પાસપોર્ટ એપોઇન્ટમેન્ટ ઉપલબ્ધ કરાવવાની વિદેશ મંત્રાલયની પહેલનો એક ભાગ છે.

# દમણના કચીગામમાં ભંગારના ગોડાઉનમાં ભીષણ આગ

**આગમાં** એક મહિલા, બાળક સહિત 3 લોકો દાઝી ગયાં

**દમણની** 6 ફાયર ફાઇટરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો



દમણ : સંઘપ્રદેશ દમણના કચીગામ વિસ્તારમાં આવેલા એક ભંગારના ગોડાઉનમાં આગ લાગવાનો બનાવ બન્યા બાદ આગની ચપેટમાં એક મહિલા, એક બાળક સહિત 3 પુરુષો દાઝી જતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દમણના કચીગામ સરકારી સ્કૂલની પાછળ આવેલા ભંગારના ગોડાઉનમાં સોમવારે મોડી સાંજે અચાનક આગ લાગી હતી. જેની જાણ દમણ ફાયર વિભાગને કરાતા લાશ્કરોએ સ્થળ પર આવી આગને કાબૂમાં લેવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. જોકે, આ દરમ્યાન આગની ઘટનામાં ભંગારના ગોડાઉનમાં કામ કરતી મહિલા, 8 વર્ષનું બાળક તથા અન્ય 3 પુરુષ દાઝી જતાં તેમને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ આ વિસ્તારમાં રહેતા પૂર્વ સાંસદ લાલુ પટેલ તથા અન્ય રાજકીય નેતાઓને થતાં તેઓ પણ જગ્યા સ્થળ પર દોડી આવ્યા હતા. ઘટનાની જાણ દમણના કલેક્ટર સૌરભ મિશ્રાને થતાં તેઓ પણ પોતાના વિભાગના અધિકારીઓ સાથે બનાવ સ્થળે આવી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આખરે કલાકોની જહેમત બાદ દમણ ફાયર વિભાગની 6 જેટલી ટીમએ આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી.

## પટેલ પ્રગતિ મંડળની મુંબઈ ખાતેની બેઠકમાં મુંબઈ-સુરતનાં હોદેદારોની વરણી થઈ

સુરતઃ શ્રી પટેલ પ્રગતિ મંડળનાં હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. મુંબઈ ખાતે મળેલી બેઠકમાં પ્રમુખ તરીકે પારડીઝાંખરીનાં પ્રવિણ વલ્લભભાઈ પટેલ જ્યારે ટ્રસ્ટી તરીકે છગનભાઈ પટેલ, મહેશભાઈ લલ્લુભાઈ પટેલ, નરેશભાઈ પુરષોત્તમભાઈ પટેલ, જ્યંતિલાલ બાબરભાઈ પટેલ, મધુસુદનભાઈ પ્રેમાભાઈ પટેલ, ચંદુભાઈ લક્ષ્મણભાઈ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જ્યારે સુરત વ્યવસ્થાપક સમિતિનાં અધ્યક્ષ પદે રમેશચંદ જેરામભાઈ પટેલ તેમજ અન્ય પદાધિકારીમાં જગદીશભાઈ બાબરભાઈ પટેલ, નલીનભાઈ ગણપતભાઈ પટેલ,મનોજભાઈ ગંગારામભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી હતી.

# ૯૬ લાખની ઠગાઈમાં વિદ્યાર્થીને જામીન

સુરતઃ રોકાણથી દોઢ ગણી રકમ આપવાનું જણાવી લોકો પાસેથી ૯૬.૨૩ લાખ પડાવી છેતરપિંડીના કેસમાં આરોપી સિવિલ એન્જિનીયરીંગ સ્ટુડન્ટનાં જામીન સેશન્સ કોર્ટે મંજૂર કર્યા છે.

આ કેસની હકીકત એવી છે કે, આરોપી શારદા રાજેન્દ્ર દવાંગે, સુમીત રાજેન્દ્ર દવાંગે, રાજેન્દ્ર રામદેવરામ દવાંગે, વિનોદકુમાર કૈલાશચંદ્ર સૈને ફરિયાદી નિરવભાઈ બાબુભાઈ ચક્રવર્તી તથા અન્યો પાસેથી ૧૧થી ૧૨ મહિનામાં રોકાણથી દોઢ ગણી રકમ આપવાનું જણાવી કુલ્લે રૂા.૯૬,૨૩,૩૦૦ પડાવ્યા હતા અને ભાગી છૂટ્યા હતા.

આ બનાવ અંગે ભેસ્તાન પોલીસે ફરિયાદ નોંધી આરોપી સુમિત રાજેન્દ્ર દવાંગેની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યાં હતાં. ત્યારબાદ કોર્ટે આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. આરોપીએ એડવોકેટ અજય વી. વેલાવાલા મારફતે સેશન્સ કોર્ટમાં જામીનઅરજી કરી હતી. આરોપી તરફે વકીલે દલીલ કરી હતી કે આરોપી સુમિત દવાંગે ૨૧ વર્ષની યુવાન વયના છે. ડિપ્લોમા ઈન સિવિલ એન્જિનીયરીંગનો સ્ટુડન્ટ છે.

આરોપી નાસી-ભાગી જાય તેમ નથી. આ કેસમાં ચાર્જશીટ પોલીસે કોર્ટમાં રજૂ કરી દીધી છે અને તેથી પુરાવા સાથે ચેડાં થવાનો પ્રશ્ન નથી. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીની જામીનઅરજી મંજૂર કરી છે.

## ઈગલ સિલ્ક મિલ્સમાં થયેલી ચોરીમાં નેમેશભાઈ પટેલ ખરેખર ફરિયાદી છે

સુરતઃ ‘ગુજરાતમિત્ર’માં તા.10મી જાન્યુ.ના રોજ છપાયેલા અહેવાલમાં સચિન જીઆઈડીસી ખાતે આવેલી ઈગલ સિલ્ક મિલ્સમાં થયેલી ચોરીમાં ધરપકડ થયેલી વ્યક્તિ તરીકે નેમેશભાઈ કાંતિલાલ પટેલનું જે નામ છપાયું છે તે ભૂલથી છપાયું છે. હકીકતમાં નેમેશભાઈ કાંતિલાલ પટેલ આ કેસમાં ફરિયાદી છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### ક્લિનએર એવોર્ડ...

સુરતની હવાની સ્થિતિ સૌથી વધુ અસ્વસ્થકારક રહી છે. છેલ્લા સાત દિવસ દરમિયાન અનેક દિવસોમાં સવારનો એક્યૂઆઈ 200 કે 300થી વધુ સુધી પહોંચ્યો હોવાનું નોંધાયું છે. શિયાળાની ઋતુ, પવનની ગતિમાં ઘટાડો, વધતો વાહનવ્યવહાર અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓના કારણે શહેરની હવામાં પ્રદૂષિત કણો લાંબા સમય સુધી અટકી રહ્યા હોવાનું નિષ્ણાતો માને છે. આ બંને દિવસોમાં ખાસ કરીને સવાર અને રાત્રિના સમયે હવામાં પ્રદૂષણનું પ્રમાણ વધારે નોંધાયું. તેના કારણે સામાન્ય નાગરિકોમાં આંખોમાં બળતરા, શ્વાસ લેવામાં તકલીફ અને ગળામાં ખારાશ જેવી ફરિયાદો જોવા મળી. નિષ્ણાતોનું માનવું છે કે જો પવનની ગતિમાં વધારો નહીં થાય અને પ્રદૂષણ નિયંત્રણ માટે અસરકારક પગલાં નહીં લેવાય, તો આવનારા દિવસોમાં સ્થિતિ ફરી બગડી શકે છે. સમગ્ર સમયગાળાનું વિશ્લેષણ કરતા જણાય છે કે સવાર અને રાત્રિના સમયે હવાની ગુણવત્તા સૌથી વધુ ખરાબ રહે છે. બપોર દરમિયાન થોડી રાહત મળે છે, પરંતુ તે પણ સંપૂર્ણ રીતે સુરક્ષિત ગણાય તેવી નથી. સાંજ પડતાં વાહનવ્યવહાર અને અન્ય પ્રવૃત્તિઓના કારણે પ્રદૂષણ ફરી વધે છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય નિષ્ણાતો નાગરિકોને સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યા છે. બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું, માસ્કનો ઉપયોગ કરવો અને બાળકો તથા વૃદ્ધોની કાળજી જરૂરી બની છે.

### પાંચ દિવસનું...

માંડીને 300 સુધી રહ્યો હતો.

(4) અઠવા ઝોન : તડકેશ્વર, આઝાદ નગર, અલથાણમાં એક્યુઆઇ 220થી માંડીને 300 વચ્ચે રહ્યો હતો

(5) રાંદેર ઝોન : એલપી સવાણી રોડ, ન્યૂ ગૌરવ પથ, બોરડીમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ 220થી માંડીને 300 સુધી નોંધાયો હતો.

(6) સેન્ટ્રલ ઝોન : રાજમાર્ગ, એકતા સર્કલ, જીંગા સર્કલ, ચોકબજાર, ધાસ્તીપુરામાં હવાની ગુણવત્તાનો આંક 215થી 300 વચ્ચે નોંધાયો હતો

### સુરતમાં વાસ્તવિક...

10/12 જગ્યા એ મોનીટરીંગ સિસ્ટમ NCAP મુજબ ઊભી કરવી પડે. SMCના માથે પર્યાવરણની જવાબદારી નાખવાને બદલે GPCB નું તંત્ર સચોટ બનાવવું જોઈએ.

### વાયુ પ્રદૂષણ...

ભઠ્ઠાઓ માં ગેરકાયદે ઉપયોગમાં લેવાતું બળતણ પણ જવાબદાર છે.

(3) સુરતમાં દર વર્ષે 2.20 લાખ વાહનો ઉમેરાય છે.વાહનોનું પ્રદૂષણ પણ સુરતની હવા ખરાબ કરવા મોટું યોગદાન આપે છે.CNG થી ઓછું પણ પ્રદૂષણ ચોક્કસ ફેલાય છે

(4) બાંધકામ સાઈટ પર ઉડતી રેતી, સિમેન્ટ,માટીની ડસ્ટ પણ સુરતમાં વાયુ પ્રદૂષણ વધારે છે.

### સુરતમાં વાયુ...

રોકોર્ડિંગ પાલિકા એ કરવી જોઈએ.

(૪) બાંધકામ ઉદ્યોગમાંથી ફેલાતા રેતી,માટી,સિમેન્ટ મટિરિયલની રજકણો પ્રદૂષણ ન ફેલાવે એ માટે SOP બનાવી આકરી કાર્યવાહી કરવી જોઈએ.

### મહિલાએ 7...

નીકળ્યો હતો. બાળકના માતા-પિતાએ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે CCTV ફૂટેજના આધારે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

### ઓલપાડના નાયબ...

માહિતી મુજબ મૂળ ઓલપાડના વતની કેતન ભગુભાઈ પટેલ હાલ જહાંગીરાબાદ રાજદર્શન રો હાઉસ સોસાયટીમાં પત્ની હિનિશાબેન (35 વર્ષ) તેમજ એક પુત્ર અને પુત્રી સાથે રહે છે. કેતનભાઈ ઓલપાડ પ્રાંત કચેરીમાં નાયબ મામલતદાર છે. તેમના પત્ની હિનિશાબેન પણ તે જ કચેરીમાં નાયબ મામલતદાર તરીકે નોકરી કરતા હતા. સોમવારે 10થી 11 વાગ્યાની વચ્ચે સવારે બંને સાથે નોકરીએ જવા નીકળ્યા હતા, પરંતુ હિનિશાબેન પાછા ઉપર એક કામ છે કહીને ગયા હતા. ઉપર જઈ હિનિશાબેને બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. કામવાળી હિનિશાબેનના બેડરૂમમાં ગઈ ત્યારે તે લટકતી હાલતમાં મળી આવ્યા હતા.

### 36 લાખ...

એક દલાલ પોતે પાર્ટી પાસેથી 36 લાખ લઈને કામ કરી આપવા દબાણ કરતો હોવાની વાત છે. આ દલાલના ત્રાસથી તેમણે આ પગલું ભર્યું હોવાની વાત હિનિશાબેનના કેટલાક નજીકના સ્વજનોએ કરી હતી. ઓલપાડ પ્રાંત ઓફિસમાં દલાલોનો રાફડો ફાટ્યો છે.

### હિનિશાબેન વિરુદ્ધ...

કચેરીમાં એકાદ મહિના પહેલા પતિ પત્ની બંને આવ્યા હતા. જ્યાં એસીબીના એસીપીએ તપાસમાં તેમને ક્લીનચીટ આપી હતી. બાદમાં અઠવાડિયા પહેલા ફરીથી પતિ-પત્ની કલેક્ટર કચેરીએ જોવા મળ્યા હતા. જો કે આ અંગે વધુ કોઈ ફોડ પડ્યો નથી.

### હથોડાના વેસ્ટેજ...

જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેને પગલે ત્યાં રહેતા મજૂરોમાં નાસભાગ મચી ગઈ હતી. મજૂરો પોતપોતાનાં બાળકો સાથે સુરક્ષિત બહાર ભાગી છૂટ્યા હોવાનું પ્રાથમિક તબક્કે જણાયું હતું.

આગની જાણ થતાં જ છ જેટલા ફાયર ફાઈટરો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને સતત પાંચ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, આગ ઓલવાયાના કલાકો બાદ જાણવા મળ્યું હતું કે, એક ૪ વર્ષનો બાળક ગોડાઉનમાં જ રહી ગયો હતો. આ વાતની જાણ થતાં જ કોસંબા પોલીસ સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બળેલા કચરાના ઢગલા ખસેડતાં મોડી સાંજે રાહુલ નામના માસૂમ બાળકનો સંપૂર્ણ બળી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે બાળકના પિતા ભલો બાબુભાઈ ડામોર (રહે.,જાંબુઆ)એ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### બાળકનાં અવશેષો...

મજૂરો ભાંગી પડ્યા હતા. ઘટના સ્થળે મજૂરોનું હૈયાફાટ રૂદન જોવા મળ્યું હતું.

### 57 વર્ષના...

ભાવનગર)એ દાદાને બાળકીને થોડો સમય તેમની દુકાનમાં બેસાડી દેવા જણાવ્યું હતું. જેથી દાદા તેમના પૌત્રને ઘરે મૂકવા ગયા હતા.આ દરમિયાન 57 વર્ષના આધેડે દુકાનની અંદર જ છ વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મ આચર્યું હતું. થોડા સમય બાદ દાદા પરત આવ્યા અને ત્યારબાદ બાળકી એ સમગ્ર હકીકત પરિવારજનોને જણાવી હતી. સત્ય સામે આવતાં જ પરિવાર પર આઘાત તૂટી પડ્યો હતો.પરિવારજનોએ તાત્કાલિક સરથાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગંભીરતા દાખવી બળાત્કારનો ગુનો નોંધ્યો હતો. પોલીસે મોડી રાત્રે જ આરોપી વિનોદ અણઘણને ઝડપી લઈ આગળની તપાસ શરૂ કરી છે. બનાવ બાદ વિસ્તારમાં રોષ અને ભયનું વાતાવરણ સર્જાયું છે.

### ઇન્ટરનેટ પર...

બનાવી રહી છે. આવી માનસિક વિકૃતિ ધરાવતા લોકો માટે ઉંમર, સંબંધ કે સંસ્કાર કોઈ અર્થ ધરાવતા નથી. નાની માસુમ બાળકી હોય, કિશોરી હોય કે પરણીતા મહિલા બધીને તેઓ વિકૃત નજરથી જોતા હોય છે. પોતાની હવસ સંતોષવા માટે આવા નરાધમો કોઈપણ હદ સુધી જઈ શકે છે. પરિણામે અનેક કિસ્સાઓમાં નિર્દોષ બાળકીઓ આવા હવસખોરોના શિકાર બનતી હોય છે.

### ઉતરાણમાં ઠૂમકા...

ફૂંકાતા ઠંડક વધુ અનુભવાઈ હતી. ઉત્તર દિશાના ઠંડા પવનોને કારણે દિવસ દરમિયાન પણ ઠંડીનો માહોલ છવાયેલો રહ્યો હતો. બુધવારે સુરત શહેરમાં ઉતરાણ પર્વની ઉજવણી થવાની હોવાથી શહેરીજનોમાં હવામાનને લઈને ઉત્સુકતા જોવા મળી રહી છે. ખાસ કરીને ઉતરાણના દિવસે પવનની દિશા અને ઝડપ કેવી રહેશે તે અંગે લોકોની સૌથી મોટી ચિંતા રહેતી હોય છે. હવામાન વિભાગની આગાહી મુજબ ઉતરાણના દિવસે શહેરમાં દિવસભર 10 થી 15 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે. સાથે જ ઉત્તર તથા ઉત્તર-પૂર્વ દિશાનો પવન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આથી પતંગપ્રેમીઓમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે, કારણ કે ઉતરાણ માટે આ પવનને અનુકૂળ માનવામાં આવે છે. કુલ મળીને સુરત શહેરમાં ઠંડીનું જોર યથાવત રહેતાં, ઠંડા પવનો અને અનુકૂળ હવામાન વચ્ચે શહેરીજનો ઉતરાણ પર્વને ઉત્સાહભેર ઉજવવાની તૈયારીમાં લાગી ગયા છે.

### કતારગામમાં ધોળા...

પડ્યા હતા, જ્યારે હુમલાખોરો નાસી છૂટ્યા હતા. તેમને સ્મીમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ, આ હત્યા પાછળ જૂની અદાવત હોવાની પ્રબળ શક્યતા છે. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

Repco Home Finance

**રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ**

**સુરત શાખા :** પ્લોટ નં. ૬૬૮/બી અને ૬૬૮/સી, પહેલો માળ, વામા હાઉસ, રીંગ રોડ, ઉધના દરવાજા, સુરત, ગુજરાત -૩૯૫૦૦૨.

**ઉધારકર્તાઓ / જામીનદારોની નોટીસ**

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ - ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૨)

**ક્રમ નં.1: ઉધારકર્તા : શ્રી સોનુ સુબશચંદ યાદવ,** S/o. સુબાષચંદ યાદવ, પ્લોટ નં.378, આરાધના લેક ટાઉન 2, જોલ્વા, સુરત- 394 315. ઉપરાંત, કાનપુર કલકત્તા રોડ કમાનારા, નં.112, નિનમાલ ચેમ્બર 2nd ફ્રેઝ, સૈયદ પેપર મિલની સામે, GI D C, વાપી - 396, લાઉન 139, અરધના નં. 2, જોલ્વા, સુરત -394 315, **સહ-ઉધારકર્તા : શ્રીમતી કિરણ સોનુ યાદવ,** W/o. સોનુ સુભાષચંદ યાદવ, પ્લોટ નં.૩૭૮, આરાધના લેક ટાઉન ૨, જોલવા, સુરત-૩૯૪ ૩૧૫, ડાયમંડ સ્ટીચિંગ વર્ક અને એમ્બ્રોઇડરી હેન્ડ વર્ક, પ્લોટ નં.૩૭૮, આરાધના લેક ટાઉન ૨, જોલવા, સુરત-૩૯૪ ૩૧૫, પ્લોટ નં.૩૯૩, આરાધના લેક ટાઉન ૨, જોલવા, સુરત -૩૯૪ ૩૧૫, **ગેરંટી આપનાર. શ્રી નિતેશ યાદવ, પ્લોટ** નં.૩૭૮, આરાધના લેક ટાઉન ૨, જોલવા, સુરત-૩૯૪ ૩૧૫, એસએમસી કોન્ટ્રાક્ટ ડ્રાઈવર, મીઠીખાડી વોર્ડ ડ્રેનેજ, વોર્ડ કડોદરા, સુરત-૩૯૪ ૩૧૫; **માંગણી સૂચના તારીખ: ૧૧.૧૧.૨૦૨૫; એનપીએડેટ: ૨૯.૧૦.૨૦૨૫; લોન અકાઉન્ટ નં. ૨૦૧૧૮૭૧૦૦૦૭૦૦ તારીખ ૦૮.૦૬.૨૦૧૮ ઘર/ફ્લેટ-ફ્લોટિંગ ખરીદી યોજના હેઠળ રૂ. ૧૧,૦૦,૦૦૦/-** મંજૂર કરવામાં આવ્યા હતા; **બાકી રકમ: રૂ. ૭,૯૫,૭૮૨/- ૧૧.૧૧.૨૦૨૫** થી વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચ સાથે.

**મિલકતનું વર્ણન:** તમામ ભાગ અને હિસ્સા સાથે જે જમીનનો **કે.જે.પી બ્લોક નં.3/૩૯૩** પછીના જમીન ધરાવતા **પ્લોટ નં.૩૯૩** ના, જે લગભગ **૩૯.૦૧ સ્કે. મીટર** જેટલું બાંધકામ ધરાવે છે, અને તે ઉપરાંત **"આરાધના લેક ટાઉન વિભાગ-૨" ના ૨૫.૬૮ સ્કે. મીટર** જેટલું અવિભાજિત કોપ અને રોડમાં પ્રમાણસર હિસ્સો ધરાવે છે, જે બિન-ખેતી જમીન ધરાવતા **બ્લોક નં.3 (બ્લોક નં., 3, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૯ અને ૩૬૨) પર સ્થિત છે. જોલવા તાલુકા પલસાણા જિલ્લો સુરત,** સીમાઓ: **પૂર્વ:** સોસાયટી આંતરિક માર્ગ, **પશ્ચિમ:** સંલગ્ન પ્લોટ નં. ૪૨૦, **ઉત્તર:** સંલગ્ન પ્લોટ નં. ૩૯૨, **દક્ષિણ:** સંલગ્ન. પ્લોટ નં. ૩૯૪.

**ક્રમ નં.૨: ઉધારકર્તા : શ્રી પ્રવિણભાઈ બી બાબરીયા,** S/o. બેચરભાઈ બાબરીયા, પ્લોટ નં. 61, જે.બી. નગર, એન.આર. સરદાર રેસીડેન્સી, કામરેજ, સુરત-394 180, પણ, પ્લોટ નંબર 110, ગીતા નગર સોસાયટી-1, પુનાગામ, સુરત-393 010, **સહ ઉધારકર્તા : શ્રીમતી બાબરીયા, પ્રવિણભાઈ ભવબેન. શ્રી પ્રવિણભાઈ બી** બાબરીયા, પ્લોટ નં. 61, જે બી નગર, એન.આર. સરદાર રેસીડેન્સી, કામરેજ, સુરત-394 180, બાંયધરી **જામીનદાર. શ્રી હરશીભાઈ સાદુલભાઈ લાડુમોર,** S/o. સાદુલભદ લાડુમોર, પ્લોટ નં. ૧૧, બજરંગ નગર સોસાયટી, વરાછા રોડ, સુરત - ૩૯૫ ૦૦૬, તેમજ, માધુલી કોલ્ડ ડ્રિંક, નંદનવન સોસાયટી, 3 પુણાગામ, સુરત - ૩૯૫ ૦૧૦; **માંગણી સૂચના તારીખ: ૨૬.૧૧.૨૦૨૫; એનપીએ તારીખ: ૨૯.૧૦.૨૦૨૫; લોન એકાઉન્ટ, નં. એનએચએલ૨૦૧૧૮૬૦૦૦૧૩૨૭ તારીખ ૧૬.૧૦.૨૦૨૦ રૂ. ૧૯,૯૦,૦૦૦/-** ઘર બાંધકામ યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યો હતો; **બાકી રકમ:૧૦.૧૧.૨૦૨૫** થી વધુ વ્યાજ અને તેના પરના **અન્ય ખર્ચ સાથે રૂ. ૧૬,૪૪,૨૦૬/-**

**મિલકતનું વર્ણન:** તમામ ભાગ અને હિસ્સા સાથે **પ્લોટ નં. ૬૧ (પાસિંગ પ્લાન મુજબ ૫૦.૫૫ સ્કે. મીટર) ધરાવતો ૯૨.૯૦ સ્કે. મીટરનો મિલકતનો જે ૧૧૧.૧૧ સ્કે. યાર્ડની સમકક્ષ છે અને જે.બી.નગર ખાતે ૫.૦૦ સ્કે. મીટર** માપવા માટે રોડ અને સીઓપીમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો ધરાવે છે, જે સુરત જિલ્લાના કામરેજ તાલુકાના **કામરેજ** ગામની **બ્લોક નં. ૪૪૭/બી** (રેવ.એસ.નં. ૪૮૦ અને ૪૮૧) જમીન પર સ્થિત છે, અને તેની આસપાસ: **ઉત્તર:** પ્લોટ નં. ૪૪, **દક્ષિણ:** રોડ, **પૂર્વ:** રોડ, **પશ્ચિમ:** પ્લોટ નં. ૬૨ છે.

**ક્રમ નં.3: ઉધારકર્તા શ્રી અજય વેલાજીભાઈ સાગઠીયા,** S/o. શ્રી વેલાજીભાઈ સાગઠીયા, પ્લોટ નં.56-57, ગુરુનગર સોસાયટી, નં. જીવનજ્યોત હોસ્પિટલ, અમરોલી, સુરત-394 107, પણ, G.F. જીમવે ઉદ્યોગ, કબરીસ્તમની સામે, ગોટાલાવાડી, કતારગામ, સુરત-395 004, આ ઉપરાંત, પ્લોટ નંબર 371, હરિદર્શન રેસીડેન્સી, શેખપુર, વેલંગુ, સુરત-394 150, સહ **ઉધારકર્તાઓ : 1. શ્રી વેલજીભાઈ નાનજીભાઈ સગથ શ્રી** અજય વેલજીભાઈ સાગઠીયા, **2. શ્રીમતી, રામુબેન વેલજીભાઈ સાગથલીયા,** W/o. વેલજીભાઈ સાગઠીયા, બંને ખાતે: પ્લોટ નં. 56- 57, ગુરુનગર સોસાયટી, ન. જીવનજ્યોત હોસ્પિટલ, અમરોલી, સુરત-394 107, આ ઉપરાંત: પ્લોટ નં. 71, શેરીનગર, શેરી નં. વેલાંગુ, સુરત-394 150, **જામીનદાર : શ્રી વિષ્ણુભાઈ હરજીભાઈ ચૌધરી,** સ/ઓ.હાઈભાઈ ચૌધરી, પ્લોટ નં. A-339, હરિદર્શન રેસીડેન્સી, શેખપુર, કામરેજ, સુરત-394 150, આ ઉપરાંત, પ્લોટ નં.213, પટેલ નં.213, BH34, S/o. ગોટુલુવાડી, કુતર્યામ, સુરત-395 004; **માંગણી સૂચના તારીખ: 26.11.2025; NPA તારીખ: 29.10.2025; લોન એકાઉન્ટ, નં.2011870001584 તારીખ 20.09.2022 માટે રૂ. 12, 16,258/-** ઘર-ફ્લેટ ખરીદવાની યોજના હેઠળ મંજૂર કરવામાં આવી હતી; બાકી રકમ: **રૂ. 12,45,876/- 19.11.2025** થી વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચ સાથે.

મિલકતનું વર્ણન: તમામ ભાગ અને હિસ્સા સાથે "એ ટાઈપ" **પ્લોટ નં. ૩૭૧** ધરાવતી જમીનના તે જે **"હર્લદર્શન રેસીડેન્સી"** ના લગભગ **૬૦.૨૮ સ્કે. મીટરના** ક્ષેત્રફળ ધરાવે છે. જમીન ધરાવતા બ્લોક **બ્લોક ૧૮, ૧૯, ૨૦, પૈકી ૧, ૨૧ અને ૨૭ પર સ્થિત છે. એટલે કે કેજેપી પ્લોટ પછી કોન્સોલિડેટેડ બ્લોક નં. ૧૮. નં.૧૮/એ/૩૭૧** (સુધારા સર્વે પછી નવો બ્લોક નં.૧૧૭૯) ગામ **શેખપુર,** તાલુકા કામરેજ, જિલ્લો સુરત, ઉપરોક્ત પ્લોટ નીચે મુજબ સીમા ધરાવે છે: **ઉત્તર:** સંલગ્ન પ્લોટ નં. એ-૩૭૦, **દક્ષિણ:** સંલગ્ન પ્લોટ નં. એ-૩૭૨, **પૂર્વ:** સંલગ્ન પ્લોટ નં. એ-૪૧૦, **પશ્ચિમ:** સોસાયટી રોડ.

**ક્રમ નં.૪: ઉધારકર્તા શ્રી આમિર મોહમ્મદ મુસ્તકીમ,** બી-૧, ફ્લેટ નં. ૧૦૧, ન્યૂ રોયલ રેસિડેન્સી, સના મિલ ઉન પાસે, સુરત-૩૯૪ ૨૧૦, આમીર ક્લોથ હાઉસ, દુકાન નં. જી-૧૨, સાલા બત પુરા, પ્રાઈમ પ્લાઝા માર્કેટ, સુરત-૩૯૫ ૦૦૩, અટસોટ, ફ્લેટ નં. બી/૧/૧૦૨, બ્લોક નં. ૭૯, આરએસ.નં. ૪૫૧૨૬૭, ગામ ઉન, ફાઈનલ પ્લોટ નં. ૫૮/એ, સુરત-૩૯૪ ૨૧૦, **સહ-ઉધારકર્તા : શ્રીમતી નગીના આમિર,** પત્ની આમિર મોહમ્મદ મુસ્તકીમ, બી-૧, ફ્લેટ નં. ૧૦૧, ન્યૂ રોયલ રેસિડેન્સી, સના મિલ ઉન પાસે, સુરત-૩૯૪ ૨૧૦, આમીર ક્લોથ હાઉસ, દુકાન નં. બી/૧/૧૦૨, બ્લોક નં. ૭૯, આરએસ.નં. ૪૫૧૨૬૭, ગામ ઉન, ફાઈનલ પ્લોટ નં. ૫૮/એ, સુરત-૩૯૪ ૨૧૦; **માંગણી સૂચના તારીખ: ૨૬.૧૧.૨૦૨૫; એનપીએ તારીખ: ૨૯.૧૦.૨૦૨૫; લોન એકાઉન્ટ, નં. AHL૧૦૦૪૦૨૦૧૦૦૧૭૮૦ (એપ્લિકેશન, નં. ૨૫૨૪૩૯) તારીખ ૨૫.૦૮.૨૦૨૪ માટે રૂ. ૧૨,૫૩,૦૭૪/-** ઘર ખરીદી યોજના હેઠળ મંજૂર કરવામાં આવી હતી - પુનર્વેચાણ; બાકી રકમ: **રૂ. ૧૨,૯૧,૪૪૧/- ૨૦.૧૧.૨૦૨૫** થી વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચ સાથે.

**મિલકતનું વર્ણન:** સ્થાવર મિલકતમાં તમામ હક્કો અને રસ ધરાવતા જેનો ફ્લેટ નં. **બી/૧/૨૦૪** જેનું માપ **૮૨૦.૦૦ ચો.મી. એટલે કે ૭૬.૧૮૦૫ ચો.મી. છે. પ્રોજેક્ટમાં "ન્યુ રોયલ રેસીડેન્સી"** તરીકે ઓળખાતા બિલ્ડિંગના બીજા માળે, **બ્લોક નં. ૭૯,** રેવન્યુ સર્વે નં. ૪૫/૨૬૭, સિટી સર્વે નં. ૮૨૩, **૯૯૧૩.૦૦ સ્કે. મીટર, વોર્ડ - ઉન, ટી. પી. સ્કીમ નં. ૫૯ (ઉન), ફિનલ પ્લોટ નં. ૫૮, ૬૭૫૦.૦૦ સ્કે. મીટર, પૈકી ફાઈનલ પ્લોટ નં. ૫૮/એ, ૬૨૭૦.૦૦ સ્કે. મીટર,** ગામ/વોર્ડનો પૈકી ઉન, પેટા-જિલ્લાઓ: સુરત શહેર, જિલ્લો: સુરત અને ઉપરોક્ત મિલકત નીચે મુજબ ઘેરાયેલી છે: **(દસ્તાવેજ મુજબ): પૂર્વ**-વિસ્તાર બ્લોક નં. ૮૫, **પશ્ચિમ**-વિસ્તાર સુરત-નવસારી રોડ, **ઉત્તર**-વિસ્તાર. આંતરિક રસ્તો ત્યારબાદ મકાન નં. A-1 અને A-2, **દક્ષિણ.** આંતરિક રસ્તો ત્યારબાદ ક્રમાંક E અને F, **(વાસ્તવિકતા મુજબ) પૂર્વ:** સંલગ્ન મકાન, **પશ્ચિમ:** ફ્લેટ નં. 203, **ઉત્તર:** ખુલ્લી જગ્યા/મકાન નં. A/1, **દક્ષિણ:** પેસેજ/ફ્લેટ નં. 201.

**ક્રમ નં.5: ઉધારકર્તા શ્રી ધહીરાજ સોનાવણે,** S/o. રાજેન્દ્ર પુના સોનવણે, પ્લોટ નં.78, વિધી રેસીડેન્સી, વિભાગ-1, બ્લોક નં.384, કારેલી, પલસાણા, સુરત - 394 305, પણ, મા ફેશન, 1લી શિવ કુર્પા ઇન્ડ, ચોસઠ જોગની સામે, માતા મંદિર, ઉધના, સુરત-12/0454, પણ નં.2/0454. નાગર, એન.આર. સાંઈ બાબા મંદિર, નં. સાંઈ નગર, સામે. રામી પાર્ક, ડીંડોલી, સુરત-394 210, **સહ- ઉધારકર્તા 1. શ્રી રાજેન્દ્ર પુના સોનવણે,** S/o. પુના સોનવણે, પ્લોટ નં.78, વિધી રેસીડેન્સી, વિભાગ-1, બ્લોક નં.384, કારેલી, પલસાણા, સુરત - 394 305, પણ, રામદેવ એન્ટરપ્રાઇઝ, જયના સયાન ઇન્ડ 2, ત્રીજો માળ, અંજના ફેનમ, સુરત-394 210, નં.2, મહાદેવ, નં.24, મહાદેવ સાંઈ બાબા મંદિર, નં. સાંઈ નગર, સામે. રામી પાર્ક, ડીંડોલી, સુરત-394 210, **2. શ્રીમતી વિદ્યાબાઈ રાજેન્દ્ર સોનાવણે,** પ્લોટ નં.78, વિધી રેસીડેન્સી, વિભાગ-1, બ્લોક નં.384, કારેલી, પલસાણા, સુરત - 394 305, તેમજ મુ.નં.450/2, મહાદેવ. સાંઈ બાબા મંદિર, નં. સાંઈ નગર, સામે. રામી પાર્ક, ડીંડોલી, સુરત-394 210, **જામીનદાર શ્રી.નામદેવ ગંજીધર પાટીલ,** નં.110/111, મોહદેવ વિલા રેસીડેન્સી, બગમારા નગર, બગુમારા, સુરત-394 305, પણ, નં.612, મહાદેવ નગર-2, ડીંડોલી, સુરત, એ પણ નંબર 450/2, મહાદેવ નગર, એન.આર. સાંઈ બાબા મંદિર, નં. સાંઈ નગર, સામે. રામી પાર્ક, ડીંડોલી, સુરત-394 21 0; ડિમાન્ડ નોટિસ **તારીખ: 28.11.2025; NPA તારીખ: 29.10.2025; લોન A/c.No.2011870001065 તારીખ 15.05.2019 માટે રૂ. 80,000/-** માટે મકાન/ફ્લેટની ખરીદીની યોજના હેઠળ મંજૂર કરવામાં આવી હતી - ફ્લોટિંગ; બાકી રકમ: **રૂ. ૧૭.૧૧.૨૦૨૫** થી વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચ સાથે **રૂ. ૮,૨૬,૦૬૮/-.**

રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડને આપેલી લોનની ચુકવણી માટે જામીનગીરી તરીકે, તમે લોન કરાર કર્યો છે અને ઉપર વર્ણવેલ મિલકતના ટાઈટલ ડીડ જમા કરીને એક સમાન ગીરો પણ બનાવ્યો છે.

તમે લોનની ચુકવણીમાં ડિફોલ્ટ થયા હોવાથી, તમારે વધારાનું વ્યાજ પણ ચુકવવું પડશે. કંપનીએ ઉપરોકત તારીખો પર કાયદા હેઠળ નોટીસ જારી કરી હતી જેમાં ઉપરોકત ઉધારકર્તા / સહ-ઉધારકર્તા / જામીનદારોને ઉપરોકત બાકી રકમ, ચડત વ્યાજ અને તેના પરના ખર્ચ સાથે ચુકવવા માટે આવશે. આ નોટીસ આપ સૌને રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા એકાઉન્ટ સાથે મોકલવામાં આવેલ છે.

અમને દુઃખ છે કે તમે લોનની ચુકવણીમાં ડિફોલ્ટ કર્યા છે અને ખાતાના સંચાલનમાં ગંભીર અનિયમીતતાઓ કરી છે. અમે તમારા ખાતાને નોન - પરફોર્મીગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે તમારે ઉપર દર્શાવેલ રકમ ચુકવવી પડશે.

અમે તેમને આ સુચનાની તારીખથી ૬૦ (સાઈઠ) દિવસની અંદર ઉપરોકત રકમ ચુકવવા વિનંતી કરીએ છીએ, નહીં તો કંપની સિકયોરીટાઈઝેશન એન્ડ રીન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એકટ - ૨૦૦૨ હેઠળ અમને આપવામાં આવેલી સત્તા હેઠળ અમને ગીરવે મુકેલી મુકરર મિલકતનો કબજો લેશે, જેમાં રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડને લીઝ ટ્રાન્સફર કરવાના, વેચાણ સોંપવાનો, મુકરર મિલકતનું સંચાલન કરવાનો, તમારી પાસેથી મુકરર મિલકતનું સંચાલન કરવા માટે કોઈપણ વ્યકિતની નિમણુક કરવાનો અને ઉપરોકત વેચાણની રકમને તમારા તરફથી બાકી રહેલા દેવા માટે સમાયોજીત કરવાનો અધિકાર સહિત મુકરર મિલકતનો કબજો લેવાની સત્તા છે.

અમે તમારું ધ્યાન સિકયોરીટાઈઝેશન એકટની કલમ ૧૩(૮) તરફ દોરીએ છીએ, જો મુજબ, જો સિકયોર્ડ લેણદારના બાકી લેણાં, તેમજ સિકયોર્ડ લેણદાર દ્વારા કરવામાં આવતા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ, સિકયોર્ડ એસેટના વેચાણ અથવા ટ્રાન્સફર માટે નિર્ધારીત તારીખ પહેલાં કોઈપણ સમયે તમારા દ્વારા સબમીટ કરવામાં આવે તો, સિકયોર્ડ એસેટના ટ્રાન્સફર અથવા વેચાણ માટે આગળ કોઈપણ પગલાં લેવામાં આવશે નહીં.

**તારીખ : ૧૩.૦૧.૨૦૨૬** **અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ**